**સુરત ના ૧૯ એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નીકોર્ટમા**

**ફો કે નંબર–૫૪૮૬/૨૦૧૯**

**<u>:::આંક૦૧ લગત વધુ હુકમ:::</u>**

**(૧)** આ કામના આરોપીપક્ષ સામે ફરીયાદી પક્ષે ઈ પી કો ક ૨૮૩ અનવયે ની એફ આઈ આર દાખલ કરાતા આરોપી સામે ઉપરોકત કલમઅન્વયે ચાર્જશીટ કરવામાઆવેલ છે અને પછી આરોપી સામે ની ટ્રાયલ ચલાવવા આરોપી પક્ષનાઓ ને અદાલત તરફ થી અનેક વખત પ્રોસેસ વખતો વખત ઈસ્યુ કરવામા આવેલ છે તેમ રેકર્ડ તથા પ્રોસીડીગ્ઝ જોતા જણાય છે પણ ફરીયાદ પક્ષ આ કામના આરોપી પક્ષ ને પ્રોસેસ ની બજવણી કરાવી હાજર રખાવવામા સફળ થયેલ નથી.

**(૨)** આ કામે ફરીયાદપક્ષ તરફ થી દાખલ કરવામાઆવેલ કેસ વર્ષ ૨૦૧૯સાલ નો કેસ છે. આમ ત્રણેક વર્ષ જુનો કેસ અને આરોપી ને અદાલત ની પ્રોસેસની બજવણી થાય તે માટે પ્રયત્ન પણ કરવામા આવેલ છે પણ આરોપી ને બજવણી કરવામા પ્રોસીકયુશન સફળ થયેલ નથીઅને કરેલ પ્રોસેસ વગર બજયે પરત થયા છે.આ કામે આરોપી નજીક ના ભવીષ્યમા મળી આવે તેવી સંભાવના પણ નહીવત છે. આ સંજોગો મા આરોપી સામે નો કેસ કાર્યવાહી ક્રીમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૨૫૮ અન્વયે પડતી મુકવા નુ ઉચીત જણાય છે તેથી નીચે મુજબ હુકમ કરવામાઆવે છે.

**<u>:::હુકમ:::</u>**

(૧) આ કામના આરોપી સામે નો ઉપરોકત નંબર વાળા ફોજદારી કેસ અન્વયે ની કેસ કાર્યવાહી ફોજદારી કાર્યરીતી અધીનીયમ ની કલમ ૨૫૮ અન્વયે આથી પડતીમુકવા હુકમ કરવામાઆવે છે. આ કેસમા ફરીયાદ પક્ષના કોઈ મહત્વ ના સાહેદ તપાસવામા આવેલ ન હોય આરોપી ને બીન તહોમત મુકત કરવામાઆવે છે.

(૨) આરોપી ભવીષ્યે મળી આવ્યે થી પ્રોસીકયુશન આરોપી સામે નો કેસ આગળ ચલાવી શકશે.

હુકમ આજરોજ તારીખ ૧૨ માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગ મા જાહેર કર્યો.

તા ૧૨/ ૩/૨૦૨૨
સુરત

ઋત્વિક યોગેશભાઈ ત્રિવેદી.
GJ01101
૧૯ મા અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ